Indian e-Journal on Teacher Education (IEJTE)
Bi-Monthly e-Journal (Peer Reviewed)
ISSN
2320 –7566

# બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને માઈક્રોટીચિંગ કૌશલ્યમાં થતી સમસ્યાઓનો અભ્યાસ

**PATEL KHUSHBU DINESHBHAI**

*Research scholor,*
*Veer Narmad South Gujarat University, Surat*

**DR. KIRTIBEN THAKAR**

*Professor,*
*Department of Education,*
*VNSGU, Surat*

================================================================

## પ્રસ્તાવના

"The destiny of India is being shaped in the class room"

(ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.)

કોઠારી પંચ દ્વારા આ સુંદર વિધાન રજૂ થયું છે. વર્ગખંડોમાં કેળવણીની પ્રક્રિયા દ્વિધ્રુવી રીતે થાય છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ માટે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું પ્રત્યાયન ખૂબ જ જરૂરી છે. શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. શિક્ષક ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ હોવો જોઇએ. શિક્ષક નિપુણ હોય, વ્યવસાયિક રીતે સુસજ્જ હોય, આવડત ધરાવતો હોય તો શિક્ષકની ભૂમિકા સારી રીતે ભજવી શકે. એ માટે તેને તાલીમની જરૂર પડે છે.

શિક્ષક બનવા માટે તાલીમ આપવાનું કાર્ય બી.એડ. કોલેજો કે તાલીમી ભવનો કરે છે. કોલેજો અભ્યાસક્રમ અને પ્રાયોગિક કાર્યો દ્વારા ભાવિ શિક્ષકોનું ઘડતર કરે છે. તાલીમમાં ખૂબ જ મહત્વનું છે "કેવી રીતે ભણાવવું તે શીખવું." ભાવિ શિક્ષક વર્ગખંડ સમક્ષ ઉભા રહી ઇચ્છિત વર્તન કરે, વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે અને ભવિષ્યનું ઘડતર કરે છે. પરંતુ ભાવિ શિક્ષકે તે શીખવા માટે જડીબુટ્ટી સમાન કાર્ય એટલે પાઠ આયોજનો.

પાઠ આયોજનોના પ્રકારો પાડવામાં આવ્યા છે. માઈક્રો ટીચિંગ કૌશલ્ય, સિમ્યુલેશન, સ્ટ્રે લેસન અને વાર્ષિક પાઠો. ઉપરાંત ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં પણ તાલીમાર્થીઓ મહાવરો કરે છે. જેમાં પ્રથમ શરૂઆતનો તબક્કો છે માઈક્રો ટીચિંગ પાઠ આયોજન.

માઈક્રો ટીચિંગ પાઠ આયોજન દ્વારા તાલીમાર્થીઓને વ્યવસાયિક સજ્જતા વધે, નવા અભિગમો વિકસે, વિવિધ કૌશલ્યથી અભિમુખ થાય અને ગણું બધું શીખે છે. જેથી વિદ્યાર્થીઓ સમક્ષ ઉભા રહી કુશળતાપૂર્વક તાજગીભર્યું શિક્ષણ કાર્ય કરાવી શકે.

પરંતુ આ શરૂઆતના તબક્કાથી જ કોઈ સમસ્યા થતી હોય કે ક્ષતિ રહી જાય તો પાલવે એમ નથી. શિક્ષક એ ભાવિ પેઢીને તૈયાર કરનાર ઘડવૈયા છે. તેના કાર્યમાં થતી સમસ્યાઓ જાણી, તેને દૂર કરવાના આશયથી પ્રસ્તુત સંશોધન ધરાયું છે.

**સમસ્યા કથન**

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની સમસ્યા પસંદ કરવામાં આવી હતી.

**“બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને માઇક્રોટીચિંગ કૌશલ્યમાં થતી સમસ્યાઓનો અભ્યાસ”**

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા**

➢ **બી.એડ્. કોલેજ**

શિક્ષક બનવા માટેની તાલીમ લેતા તાલીમાર્થીઓની શાળા એટલે બી.એડ્. કોલેજ.

➢ **તાલીમાર્થી**

ભવિષ્યમાં શિક્ષક બનવા માટે બી.એડ્. કોલેજમાં તાલીમ લેતા વિદ્યાર્થીઓ એટલે તાલીમાર્થીઓ.

➢ **માઇક્રોટીચિંગ કૌશલ્ય**

માઇક્રોટીચિંગ એટલે તાલીમાર્થીઓ શરૂઆતના સમયમાં એક નાનકડો એકમ લઇ પાંચથી સાત મિનિટ જેટલો ઓછો સમય કોઈ એક કૌશલ્યના ઘટકોને ધ્યાનમાં રાખીને અધ્યયન કરાવતા શીખે તે માટેના કૌશલ્ય એટલે માઇક્રોટીચિંગ કૌશલ્ય.

➢ માઇક્રોટીચિંગના પાંચ તબક્કાઓ

(૧) શિક્ષણનો તબક્કો, (૨) પ્રતિપોષણનો તબક્કો, (૩) પુનઃ આયોજનનો તબક્કો, (૪) પુનઃ શિક્ષણનો તબક્કો, (૫) પુનઃ શિક્ષણનો તબક્કો

➢ જ્હૉન એચ. મીરની દ્રષ્ટિએ માઇક્રોટીચિંગનાં લક્ષણો :

- નાના પાયા પરનો શિક્ષણનો નમૂનો.
- તે દ્વારા અવલોકન ધારદાર બને.
- એકાદ નાની સંકલ્પના કે મુદ્દાનું શિક્ષણ

ISSN
2320 –7566

- એકાદ શિક્ષણ કૌશલ્યને વિકસાવે.
- પાંચ કે સાત વિદ્યાર્થીઓને જ શિક્ષક ભણાવે.
- પાંચ થી સાત મિનિટ શિક્ષણકાર્ય થાય.
- શિક્ષણમાં વર્તનનું વસ્તુલક્ષી, સંખ્યાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ શક્ય બને.

➢ ભારતમાં થયેલાં સંશોધનોના આધારે નીચેની વ્યાખ્યાઓ - મંતવ્યો જાણવા મળે છે.

(૧) શિક્ષકને ચીલાચાલુ પદ્ધતિથી તાલીમ આપવા કરતાં માઈક્રોટીચિંગ એ પ્રશિક્ષણ કાર્યક્રમ માટે વધુ અસરકારક પ્રયુક્તિ છે. - ચુડાસમા (૧૯૭૧)

(૨) શિક્ષકના વર્તનોને પરોક્ષ રીતે વિકસાવવા માટેની માઇક્રોટીચિંગ એક અસરકારક પ્રયુક્તિ છે. - ભટ્ટાચાર્ય (૧૯૭૪)

(3) કેટલાંક અધ્યાપન કૌશલ્ય જેવાં કે પ્રશ્ન કૌશલ્ય, સુદ્રઢીકરણ કૌશલ્ય, મૂક તેમજ અશાબ્દિક સંજ્ઞાઓ અને ઉદાહરણ કૌશલ્ય વિકસાવવા માઈક્રોટીચિંગ એક અસરકારક પ્રયુક્તિ છે. - પાસી અને શાહ (૧૯૭૪)

(૪) ચીલાચાલુ પદ્ધતિ કરતાં માઈક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા પ્રશિક્ષણાર્થીઓની કાર્યક્ષમતા વધારે ઊંચી વિકસાવી શકાય છે. - પૂનમભાઈ પટેલ (૧૯૭૧)

## સંશોધનના હેતુઓ

૧. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને માઈક્રોટીચિંગ કૌશલ્યમાં સૈદ્ધાંતિક સમજમાં થતી સમસ્યાઓ વિશે માહિતી મેળવવી.

૨. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને માઈક્રોટીચિંગ કૌશલ્યના પાઠ આયોજન લખવામાં થતી સમસ્યાઓ જાણવી.

3. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને માઈક્રોટીચિંગ કૌશલ્ય પાઠના અમલીકરણમાં થતી સમસ્યાઓ જાણવી.

## સંશોધનનું મહત્વ

➢ સંશોધન બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓને થતી સમસ્યાઓના હલ માટે ઉપયોગી બનશે.

➢ મહાવિધ્યાલયના અધ્યાપકોને વારંવારના પ્રયત્નો બાદ અધ્યયન નિષ્પતિમાં વધુ પ્રયત્નો માટે દિશાદર્શન પૂરું પાડશે.

- સંશોધન બી.એડ્. કોર્ષમાં થતા વારંવારના સુધારાઓ માટે અભ્યાસક્રમના ઘડતર માટે ઉપયોગી બનશે.
- પ્રસ્તુત સંશોધન રાષ્ટ્રીય કક્ષાએ બી.એડ્. કોર્ષમાં થતા પરિવર્તન અને ભાવિ શિક્ષકોના ઘડતર માટેના નિયમો બનાવવામાં પણ ઉપયોગી બનશે.

**સંશોધનનું સીમાંકન**

પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતમાં આવેલી બી.એડ્. કોલેજો પૂરતું જ સિમિત હતું. જેમાં ફક્ત બે બી.એડ્. કોલેજોના વર્ષ ૨૦૨૪-૨૫માં તાલીમ લેતાં તાલીમાર્થીઓ, અધ્યાપકો અને આચાર્યશ્રીનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં માહિતી મેળવવા ઉપયોગમાં લીધેલ ઉપકરણ સ્વરચિત હતું.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ થયો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતમાં આવેલી તમામ બી.એડ. કોલેજો એ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બને છે. જે પૈકી બે બી.એડ્. કોલેજ હાથવગા નમૂનાની રીતે પસંદ કરવામાં આવી હતી. જે નમૂનો ગણાય. તેથી આ બે કોલેજોના ૧૦૨ તાલીમાર્થીઓ, ૧૨ અધ્યાપકો અને ૨ આચાર્યશ્રીઓ પ્રસ્તુત સંશોધન માટેનો નમૂનો ગણાય.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં તાલીમાર્થીઓ પાસે માહિતી મેળવવા પ્રશ્નાવલીનો ઉપયોગ કર્યો હતો, અધ્યાપકો અને આચાર્યશ્રીઓ સાથે મુલાકાત લઇ માહિતી મેળવવા સાક્ષ્યપત્રક ઉપકરણનો ઉપયોગ કર્યો હતો.

**માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે બી.એડ્. કોલેજની રૂબરૂ મુલાકાત લઇ માહિતીનું એકત્રીકરણ કર્યું હતું. આ મેળવેલ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણની રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

Indian e-Journal on Teacher Education (IEJTE)
Bi-Monthly e-Journal (Peer Reviewed)
ISSN 2320 –7566

## સંશોધનના તારણો

### 1) માઈક્રોટીચિંગ કૌશલ્યમાં સૈદ્ધાંતિક સમજમાં થતી સમસ્યાઓ

- કૌશલ્યની સમજ આપતી વખતે તેનો સંદર્ભ કે સાહિત્ય મટીરીયલ આપવામાં આવતું નથી.
- સૈદ્ધાંતિક સમજ વખતે શબ્દો નવા નવા અને ભારે લાગે છે.
- અધ્યાપકોના ડેમોલિશન વખતે તે વિષયનો પ્લાન કે તે પાઠનો લેખિત નમૂનો આપવામાં આવતો નથી.
- માઈક્રોચિંગના વિવિધ ઘટકો સમજાવતી વખતે સૈદ્ધાંતિક રીતે સમજાય છે પરંતુ તેની વ્યવહારમાં અમલ અટપટુ લાગે છે.

### 2) માઈક્રોટીચિંગ કૌશલ્યના પાઠ આયોજન લખવામાં થતી સમસ્યાઓ

- માઈક્રોપાઠ આયોજન લખવા માટે લેખિતમાં લખેલો પાઠ આપી માર્ગદર્શન આપતા નથી.
- આયોજનમાં મુદ્દાઓ બનાવી ટૂંકમાં લખવામાં તકલીફ પડે છે.
- પાઠ લખવામાં ઉદાહરણ બંધબેસતા બનાવવામાં અટકળ સર્જાય છે.
- પ્રશ્નોનું બંધારણ જળવાતું નથી.
- ઉત્તેજના પરિવર્તન કૌશલ્યમાં તેના ઘટકો કયા અને ક્યારે લખવા તેમાં ઘણી મુશ્કેલીઓ પડે છે.
- વિષય વસ્તુ પસંદ કરવામાં એક પેરેગ્રાફ, દસ લીટી, કેટલા પ્રમાણમાં લેવું તેની સમજણ પડતી નથી.
- પ્લાન બનાવ્યા બાદ ઘણી ભુલો કાઢવામાં આવે છે.
- એક જ પ્લાન ત્રણથી વધારે વખત સુધારો પડે છે.

### 3) માઈક્રોટીચિંગ કૌશલ્ય પાઠના અમલીકરણમાં થતી સમસ્યાઓ

- પાઠના અમલીકરણ વખતે સ્ટેજથી ડર લાગે છે.
- ઘણી જ તૈયારી પછી વિષયવસ્તુ ભૂલી જવાય છે.
- બોર્ડ પર લખવું, વિદ્યાર્થીઓની સહભાગિતા બાદ ફરી વિષય વસ્તુ યાદ આવતુ નથી.
- પાઠની તૈયારી હોવા છતાં, સંતોષપૂર્વક આપી શકાતો નથી.

- પ્રશ્નો પૂછતી વખતે અગાઉનો પ્રશ્ન ભૂલી જવાય છે.
- હાવભાવ, આરોહ અવરોહ, હલનચલન શરૂઆતમાં ઢંગ વગરનું રહે છે.
- પાછળ બેઠેલા અધ્યાપકનો ડર લાગે છે.
- પાઠ આપતી વખતે પુસ્તકમાંથી ભણાવવા દેતા નથી.
- પ્રશ્નો પૂછ્યા બાદ સુદ્રઢકો આપવાનું ભૂલી જવાય છે.
- પાઠનો વિષયવસ્તુ ઓછા સમયમાં ખૂબ ઝડપથી ભણાવી દેવાય છે તેથી પાઠ જલદી પૂરો થઈ જાય છે.
- મૌલિકતાનું પ્રમાણ ઓછું જણાય છે.
- બેથી વધુ વખત પાઠ આપવામાં આવે ત્યારે કંટાળાજનક લાગે છે.
- ફલકનોંધ લખતી વખતે અક્ષરો મરોડદાર રહેતા નથી, લખાણ સીધી લીટીમાં લખાતું નથી.

**સમાપન :**

આમ માઈક્રોટીચિંગ પાઠ આયોજન એ બી.એડ્. અભ્યાસ કરતા તાલીમાર્થીઓ જે ભાવિ શિક્ષકો છે તેમને માટે ખૂબ જ મહત્વનું ગણાય. આ ભાવિ શિક્ષકો દરેક દિશાઓથી નિપુણ બને, વાસ્તવિક મહાવરો કેળવે અને તેમાં થતી ક્ષતિઓને નિવારીને યોગ્ય ઘડતર થાય તો જરૂરી છે. માઈક્રોટીચિંગ પાઠ આયોજનમાં થતી સમસ્યાઓ જાણી, સમસ્યાઓનો હલ લાવી શકાય. જેથી ભાવિ શિક્ષકો સુસર્જન નાગરિકો તૈયાર કરી શકાય.

**સંદર્ભ નોંધ**

આચાર્ય, એમ., (૨૦૦૯). **શિક્ષક શિક્ષણ** અમદાવાદ : અક્ષર પબ્લિકેશન

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

પટેલ, એમ. અને અન્ય (૧૯૯૬). **સૂક્ષ્મ અધ્યાપન અને સંક્ષિપ્ત અધ્યાપન** અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશક

પટેલ, પી., (૧૯૭૯). **માઈક્રો ટીચિંગ અધ્યાપન કૌશલ્ય** અમદાવાદ : અનડા બુક ડીપો

તપોધન, એચ. અને અન્ય, (૨૦૦૭). **સૂક્ષ્મ અધ્યાપન અને સંક્ષિપ્ત અધ્યાપન** અમદાવાદ : અક્ષર પબ્લિકેશન